# વહીવટી તંત્ર, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ
## શિક્ષણ વિભાગ
## દાદરા અને નગર હવેલી

**File No:** DOE/DNH&DD/EMRS-Entrance Exam./2020/ 5509 Dated: 18/08/2020.

### એકલવ્ય આદર્શ નિવાસી શાળા (EMRS) પ્રવેશ જાહેરાત 2020-21

આદિજાતિ બાળકોને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ સાથે સારા આવાસની સુવિધા મળી રહે તેવા ઉચ્ચ હેતુસર ભારતના જુદા- જુદા આદિવાસી બાહુલ્ય વિસ્તારોમાં એકલવ્ય આદર્શ નિવાસી શાળાની સ્થાપના કરવામાં આવેલ છે.

ભારત સરકાર આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ માં પણ આ શૈક્ષણિક વર્ષ 2020-21 થી એક (01) એકલવ્ય આદર્શ નિવાસી શાળા (EMRS) ને મંજૂરી પ્રાપ્ત થયેલ છે.

સદર શાળામાં ધોરણ 6 થી 12, સુધીના (અંગ્રેજી માધ્યમના) ગુણવત્તાસભર અભ્યાસની વ્યવસ્થા સાથે-સાથે કોમ્પ્યુટર શિક્ષણ, રમતગમત, ચિત્રકલા, સંગીત તથા લાયબ્રેરી જેવી સુવિધાઓથી સજ્જ શૈક્ષણિક પરિસર હશે. અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને અભ્યાસની સાથે ઉત્તમ નિવાસ અને ભોજનની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવશે.

સંઘ પ્રશાસન દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ દ્વારા આજ શૈક્ષણિક વર્ષ 2020-21 થી નવનિર્મિત માધ્યમિક શાળા, ખેરડી ના ભવનમાં એકલવ્ય શાળા માં ધોરણ- 6 અને 7 ના વર્ગો પ્રારંભ કરવામાં આવશે.

**શાળામાં પ્રવેશ પાત્રતાનું ધોરણ :**

- આ શાળામાં વિધાર્થીઓની પસંદગી પ્રવેશ પરીક્ષા દ્વારા કરવામાં આવશે.
- વિધાર્થી/વિધાર્થીની ના વાલી દાદરા અને નગર હવેલીના ડોમિસાઈલ તથા સ્થાનિક અનુસુચિત જનજાતિ (ST) હોવા જોઈએ. જાતિ નું પ્રમાણ પત્ર સેલવાસ અથવા ખાનવેલ મામલતદાર દ્વારા જારી કરાયેલ હોવું જોઈએ.
- ધોરણ 6 માં પ્રવેશ માટે તેની ઉંમર પ્રવેશ સમયે વધુમાં વધુમાં 13 વર્ષની જ્યારે ધોરણ 7 માં પ્રવેશ માટે તેની ઉંમર પ્રવેશ સમયે વધુમાં વધુમાં 14 વર્ષની હોવી જોઈએ.
- વિધાર્થી/વિધાર્થીની એ સરકારી શાળા/ગ્રાન્ટ ઈન એઇડ શાળા અથવા ખાનગી માન્ય શાળાઓ માથી (કોઈ પણ માધ્યમ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અથવા મરાઠી) ધોરણ- 5 અથવા 6 પાસ કરેલ હોવું જોઈએ.
- એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓમાં ક્રમાનુસાર કુલ બેઠકના 5% બેઠક (1) દિવ્યાંગ (2) અનાથ બાળકો માટે અનામત રખવામાં આવશે.
- અનુસુચિત જનજાતિ સિવાયના EMRS શાળાના કર્મચારીઓના બાળકો, વિધવા માતાના બાળકો અને દિવ્યાંગ માતા-પિતાના બાળકો વગેરે વિધાર્થીઓ માટે 10% સુધી પ્રવેશ માટે અગ્રિમતા આપવામાં આવશે. લાગુ પડતા જરૂરી પ્રમાણપત્રો પ્રવેશ સમયે રજૂ કરવાના રહેશે.

- સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત લાયક અનુસુચિત જનજાતીના વિધાર્થીઓ કે જે રમત-ગમત શ્રેત્રે ઉત્કૃષ્ટ હોય તેવા વિધાર્થીઓ માટે 20% બેઠકો સુધી પ્રવેશ આપવામાં આવશે.(રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા હોય એવા વિધાર્થીઓને અગ્રિમતા આપવામાં આવશે). કાઉન્સેલિંગ સમયે જરૂરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

| ધોરણ | કુલ બેઠક | | 5% બેઠક દિવ્યાંગ તથા અનાથ બાળકો માટે અનામત | | 10% બેઠક અનુસુચિત જનજાતિ સિવાયના EMRS શાળાના કર્મચારીઓના બાળકો, વિધવા માતાના બાળકો અને દિવ્યાંગ માતા-પિતાના બાળકો માટે અનામત | | 20% બેઠક સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત લાયક અનુસુચિત જનજાતીના વિધાર્થીઓ કે જે રમત-ગમત શ્રેત્રે ઉત્કૃષ્ટ હોય તેવા વિધાર્થીઓ માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| VI | 30 | 30 | 1 | 2 | 3 | 3 | 6 | 6 |
| VII | 30 | 30 | 2 | 1 | 3 | 3 | 6 | 6 |

નોંધ : સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત લાયક અનુસુચિત જનજાતીના વિધાર્થીઓ કે જે રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા હોય તેમને મેળવેલ કુલ ગુણ ના 20 % ગુણ વધારાના ઉમેરી લાયકાત નક્કી કરવામાં અવશે.

ઉપરોક્ત તમામ અનામત બેઠકો માટે પ્રવેશપાત્ર વિધાર્થીઓ ન મળતા તે બેઠકો અનુસુચિત જનજાતિ ના સામાન્ય ક્વોટા થી ભરવામાં આવશે.

**<u>પ્રવેશ અરજીપત્ર મેળવવા ના સ્થળો :</u>**

1) સંબંધિત ગામની કેન્દ્ર પ્રાથમિક શાળા
2) તમામ ગ્રામ પંચાયત કાર્યાલય
3) આસપાસની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
4) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સેલવાસ.
5) જિલ્લા પંચાયત કાર્યાલય સેલવાસ

**<u>પ્રવેશ અરજીપત્રક જમા કરવાના સ્થળો :</u>**

પૂર્ણ રીતે ભરેલા અરજીપત્રક આપ નીચેના સ્થળોએ જમા કરાવી શકો છો.

1) સંબંધિત ગામની કેન્દ્ર પ્રાથમિક શાળા
2) તમામ ગ્રામ પંચાયત કાર્યાલય
3) આસપાસની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
4) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સેલવાસ.
5) જિલ્લા પંચાયત કાર્યાલય સેલવાસ

અરજીપત્રકો ઉપર જણાવેલા સ્થળોએ રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.પરીક્ષા દરમિયાન પાત્રતા ધરાવતા હોવાના કોઈ દસ્તાવેજી પુરાવા નો આગ્રહ રાખવામાં આવતો નથી. જે ઉમેદવારો પ્રવેશ માટે કસોટીના અંતે લાયક થશે તેમણે પ્રવેશ સમયે આધાર રજુ કરતા દસ્તાવેજો રજુ કરવાના રહેશે.જેથી ઉમેદવારને પોતે ઠરાવેલ પાત્રતા ધરાવે છે તેની ખરાઇ કરીને જ અરજી કરવા

જણાવવામાં આવે છે. પ્રવેશ સમયે ઉમેદવાર પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોવા છતાં જો પાત્રતા ધરાવતા નહીં હોય તો કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

**પરીક્ષા પદ્ધતિ :**

- પરીક્ષા તારીખ 11 સપ્ટેમ્બર 2020 (શુક્રવાર) ના રોજ યોજવામાં આવશે.
- પ્રવેશ પરીક્ષા નું આયોજન પ્રદેશ ના કુલ 10 પરીક્ષા કેન્દ્રો (રાંધા,ગલોન્ડા,દાદરા,નરોલી, રખોલી,સુરંગી,ખાનવેલ,માંદોની,દૂધની તથા સેલવાસની માધ્યમિક શાળાઓ) પર કરવામાં આવશે.
- વિદ્યાર્થીએ એ પરીક્ષા ના દિવસે સવારે 10:00 કલાકે પરીક્ષા સ્થળે પહોંચી જવાનું રહેશે.
- પરીક્ષાનો સમય સવારના 11:00 થી બપોરના 01:30 કલાક સુધીનો રહેશે.
- પ્રશ્નપત્રમાં ભાષા કૌશલ્ય ક્ષમતા, વિજ્ઞાન, ગણિત તથા સામાન્ય જ્ઞાન, બુદ્ધિમત્તા અને વ્યવહાર ને લગતા વિષયોમાંથી વૈકલ્પિક પ્રશ્નો પુછવામાં આવશે.
- પ્રશ્નપત્ર કુલ 100 ગુણનું રહેશે.
- પ્રશ્નપત્ર લખવા માટે નો સમય 2 કલાક અને 30 મિનિટનો રહેશે.
- પરીક્ષા OMR પદ્ધતિથી લેવામાં આવશે.

**અગત્યની તારીખો :**

- અરજીપત્ર મેળવવાની તારીખ 19 ઓગસ્ટ 2020 (બુધવાર) થી 04 સપ્ટેમ્બર 2020 (શુક્રવાર)
- અરજીપત્ર પરત આપવાની છેલ્લી તારીખ 04 સપ્ટેમ્બર 2020 (શુક્રવાર)
- પરીક્ષાની તારીખ 11 સપ્ટેમ્બર 2020 (શુક્રવાર)

અરજી પત્ર ભરવાની બાબતમાં જો કોઈ વિદ્યાર્થીઓને મુશ્કેલી હોય તો સંબંધિત ગામની કેન્દ્ર પ્રાથમિક અથવા માધ્યમિક શાળા નો સંપર્ક કરી શકાશે. આ સિવાય અરજી પત્ર ભરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સેલવાસ ખાતે વધુ સહાયતા માટે 0260-2642098 પર સંપર્ક કરી શકાશે.

**સ્થળ : સેલવાસ તારીખ 18/08/2020**

**શિક્ષણ નિયામકશ્રી**
**દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ**